


શહેરના જુદા-જુદા વિસ્તારમાં ઉનાળામાં શરૂ થતા મેંગો જયુસ પાર્લરમાં આ રીતની સડેલી કેરી અને જીવાત પડેલા રસ વેંચવાનું કારસ્તાન આજે પકડાયું છે. સ્માર્ટ સીટીમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા ધંધાર્થીઓ ખરેખર મનપાથી વધુ સ્માર્ટ છે તેવુ સતત ચાલુ રહેતા આ ધંધા અને તસ્વીરો પરથી દેખાઈ આવે છે. (તસ્વીર : અરવિંદ વાઘેલા)

# ૧૪ મેંગો જયુસ પાર્લરમાં દરોડા : જીવાત-મકોડાવાળા રસ-કેરીનો નાશ

રાજકોટ તા.૨૫

રાજકોટ મહાપાલિકાએ ચાલુ વર્ષે કાર્બાઈડથી પકવાતી કેરી પકડીને નાશ કરવાની વિક્રમી કામગીરી કરી છે. બજારમાં કેરીનો સ્ટોક ઘટી જાય તે પ્રકારની કામગીરી કરનાર ફૂડ શાખાએ આજે ઉનાળામાં જુદા-જુદા વિસ્તારોમાં શરૂ થયેલા મેંગો જયુસ પાર્લરમાં દરોડા પાડતા કાર્બાઈડથી પણ ખતરનાક નુકશાન કરે તે પ્રકારના મેંગો જયુસ અને કેરીનો જથ્થો મળી આવ્યા હતા. આ જયુસમાં જીવાત પણ પડી ગઈ હોય, લોકોના આરોગ્ય સાથે કેવા ચેડા કરવામાં આવે છે તે ખુલવા સાથે ૧૪૦૦ કિલો જેટલી સડેલી કેરી અને એકાદ હજાર કિલો રસ, ચાસણી તથા કલરનો નાશ કરવામાં આવ્યો છે.

આજી ડેમ ચોકડીથી મવડી રોડ સુધીના વિસ્તારમાં આવા ૧૪ જયુસ સેન્ટરમાં પાડવામાં આવેલા દરોડામાં ૧૦ દુકાનોમાંથી હલકામાં હલકી ગુણવતાનો માલ પકડાયાનું નાયબ આરોગ્ય અધિકારી ડો.પંકજ રાઠોડે જાહેર કર્યુ હતું.

મનપાની આરોગ્ય અને ફૂડ શાખાની ટીમે આજે જયુસ સેન્ટર પર દરોડાનો મોટો રાઉન્ડ લીધો હતો. તેમાં ચકાસણી દરમ્યાન આજી ડેમ ચોકડી પાસેના ગોકુલ મેંગો જયુસ, મોરબી રોડ, જુના જકાત નાકા પાસે અભિષેક અને બાબા વિશ્વનાથ રસ સેન્ટર, ગ્રીનલેન્ડ ચોકડી પાસેના બાપા સીતારામ કેરીનો રસ, પીન્ટુભાઈ કેરીનો રસ, ચુનારાવાડ મેઈન રોડ પર આવેલ રાજુ રસ સેન્ટર, જય ભોલે રસ, જિલ્લા ગાર્ડન ચોકમાં ૮૦ ફૂટ રોડ પર આવેલ જય માં શીતલ રસ સેન્ટર, ગોંડલ રોડ ચોકડી સામે ખોડીયાર જુસ પાર્લર અને મવડી રોડ પર આવેલ શીતલ મેંગો જયુસ પાર્લરમાં ચકાસણી કરવામાં આવેલ હતી.

આ તમામ જગ્યાઓ પરથી ૪૦ કિલોથી માંડી ૩૦૦ કિલો જેટલી સડેલી કેરી મળી આવી હતી. આથી ૧૦ જગ્યાએથી કુલ ૧૩૯૩ કિલો બગડેલી કેરીનો નાશ કરી નાંખવામાં આવ્યો હતો. દસેય દુકાનમાંથી ૨૦ લીટરથી માંડી ૨૫૦ લીટર રસ પણ વાસી હાલતમાં મળતા ૯૮૩ લીટર માલનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્થળ પરથી સાડા સાત કિલો કલર અને ચાસણીના માલનો પણ નાશ કરાયો છે.

વધુમાં સ્ટોકમાંથી મળી આવેલ રસ અને ચાસણીમાં જીવાત અને મકોડા મળી આવતા કેરી અને મેંગો જયુસ કઈ પ્રકારના પીરસવામાં આવતા હશે તે માલુમ પડે છે. આ તમામ માલનો સ્થળ પર નિકાલ કરી નાંખવામાં આવ્યો હતો.

આરોગ્ય સુત્રોએ જણાવ્યું હતું કે કુલ ૧૪ જયુસ પાર્લરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અહીં જયુસમાં ઈન્ડસ્ટ્રીલ કલરની પણ ભેળસેળ કરવામાં આવી હતી. આવા ૧૦ ધંધાર્થીને નોટીસ આપીને આરોગ્યના ધોરણોનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે.

## મોરબી રોડ, આજી ચોકડી, ગ્રીનલેન્ડ, ચુનારાવાડ, જિલ્લા ગાર્ડન ચોક, મવડી રોડ પર ફૂડ શાખા ત્રાટકી : ૧૩૯૩ કિલો સડેલી કેરી, ૯૮૩ લીટર ચાસણી-રસ, પ્રતિબંધીત કલરનો નાશ

## કેરીના રસમાં ઔદ્યોગિક કલરની થતી ભેળસેળ..!

### રૂા.૧૫માં મેંગો જયુસના નામે વેંચાતુ ઝેર

રાજકોટ તા.૨૫

મનપાએ આજે જુદા-જુદા જયુસ સેન્ટરમાં પાળેલા દરોડામાં લોકોના આરોગ્ય સાથે કરાતા ગંભીર ચેડાનો ફરી ભાંડો ફુટયો છે. સ્થળ પરથી એટલી ગંદી હાલત મળી છે કે લોકો જયુસ પીવાનું ભુલી જાય...

અધિકારીએ જણાવ્યું હતું કે આ જગ્યાએ રૂા.૧૦ થી ૧૫ના ભાવથી મેંગો જયુસ વેંચવામાં આવે છે જે આરોગ્ય માટે જોખમરૂપ છે. અહીં સડેલી અને હલકી કેરી, કારખાનામાં વપરાતા કલર અને કૃત્રિમ ગળપણનો ઉપયોગ કરવામાં આવતો હતો. દરેક જગ્યાએ સ્વચ્છતાનો અભાવ, ગંદકી વચ્ચે સ્ટોક જોવા મળ્યા હતા.

સ્થળ પરથી મળેલા માલનો નાશ કરી વેપારીઓને નોટીસ આપવામાં આવી છે. સાથે જ લોકોને આવી જગ્યાએ મેંગો જયુસ ન પીવા પણ તંત્રએ અપીલ કરી છે.

# ૨૫૦ કરોડના લક્ષ્યાંક સામે આવક ૧૦૦ કરોડને પાર

રાજકોટ તા.૨૫

મ્યુનિ. કોર્પોરેશનની ટેકસ શાખાને ગત નાણાકીય વર્ષમાં નોટબંધી અને તે બાદ વ્યાજ માફી યોજના ફળતા વેરાની આવકથી તિજોરી છલકાઈ ગઈ હતી. હવે વ્યાજ માફી સાથે એડવાન્સ વેરા વળતર યોજના પણ ચાલતી હોય, નવા નાણાકીય વર્ષના પ્રથમ ૫૫ દિવસમાં કોર્પો.ની તિજોરીમાં રૂા.૧૦૦ કરોડથી વધુની રકમ ઠલવાઈ ગઈ છે. આ રીતે ૨૫૦ કરોડના પૂરા વર્ષના ટાર્ગેટ સામે ૪૦ ટકા આવક થઈ ગઈ હોય, ખુશખુશાલ ટેકસ શાખા બાકીના મહિનાઓમાં કઈ રીતે ટાર્ગેટ પુરો કરે છે તે જોવાનું રહેશે.

વેરા વિભાગને એડવાન્સ વેરા અને વ્યાજ માફી સ્કીમની આવક સતત ચાલુ છે. જો કે હવે વ્યાજ માફી માટે બહુ લોકો આવતા નથી. પરંતુ પ્રમાણિક કરદાતાઓએ જવાબદારી નિભાવી છે. આથી જ તેમની કદર રૂપે આવતા વર્ષના બીલમાં વધુ વળતર આપવા ઠરાવ થયો છે. ગત વર્ષે નોટબંધી અને વ્યાજ માફીથી મોટી આવક થતાં કમિશ્નરે નવા નાણાકીય વર્ષનો ટાર્ગેટ ૨૫૦ કરોડ આપી દીધો છે. તંત્રને આટલી આવક થવા આશા છે. પ્રમાણીક કરદાતાઓના ટેકે આજ સુધીમાં ૧૦૦.૧૩ કરોડની આવક થઈ ગઈ છે. તેમાં વેસ્ટ ઝોનમાં ૫૨ કરોડ, ઈસ્ટ ઝોનમાં ૧૨ કરોડ અને સેન્ટ્રલ ઝોનના વોર્ડમાં ૩૪ કરોડની આવક થઈ છે.

કુલ આવક પૈકી ૭૦ કરોડથી વધુ આવક કેશલેસ છે. ૪૯ કરોડ બેંકો મારફત ચેકથી જમા થયા છે. તો ૧૯ કરોડનો વેરો ઓનલાઈન ભરાયો છે. આ રીતે મહાનગરમાં સ્માર્ટ કરદાતાઓની સંખ્યા વધી રહી છે. કુલ ૧.૨૦ લાખ નાગરિકોએ અત્યાર સુધીમાં વેરો ભરી દીધો છે.

હવે આવતા મહિનેથી પાંચ ટકા વળતર શરૂ થશે. પરંતુ તે સાથે વ્યાજ માફીનો લાભ નહી લેનારા બાકીદારો પાસેથી શાસકો અને વહિવટી તંત્ર બરાબર 'વસુલી' કરે તો પણ પૂરા શહેર માટે મોટુ કામ થયેલુ ગણાશે..

## ૭૦ કરોડ કેશલેસ આવ્યા : ૧૯ કરોડ ઓનલાઈન ભરાયા : ટેકસ વિભાગને જલ્સા!

# વોર્ડ નં.૧૪માં પાણીના ધાંધીયા : 'ટીકીટ' માટે હડીયાપટ્ટી બંધ કરવા મનસુખભાઈ કાલરીયાને જૈમનભાઈની સલાહ!

રાજકોટ તા.૨૫

શહેરના જુદા-જુદા વિસ્તારમાં ધીમા દબાણથી પાણી મળવાની ફરિયાદ વચ્ચે રાજકોટ ૬૯ મત વિસ્તારમાં આવતા વોર્ડમાં રોજ પરોઢીયેથી દોડધામ કરતા વિપક્ષના ઉપનેતા મનસુખભાઈ કાલરીયા આજે રાજકોટ ૭૦ના વોર્ડ નં.૧૪માં પાણીની ફરિયાદ સાંભળવા દોડયા હતા. મેયરના વોર્ડમાં ધીમા પાણીની ફરિયાદ લોકોએ કરી હતી. તો મેયર ડો.જૈમન ઉપાધ્યાયે પાણીના નામે વિધાનસભાની ટીકીટ પાછળ દોડા દોડી બંધ કરવા કોંગી કોર્પોરેટરને સલાહ આપી છે.



સેન્ટ્રલ ઝોનમાં આવતા વોર્ડ નં.૧૪ના લક્ષ્મીવાડી વિસ્તારમાં લાંબા સમયથી ધીમુ પાણી આવતુ હોવાની ફરિયાદ મળતા વોર્ડ નં.૧૦ના કોંગી નગરસેવક મનસુખભાઈ કાલરીયા વિસ્તારમાં ગયા હતા. વિસ્તારના લોકોએ તેમને સહી સાથે ફરિયાદ આપ્યાનું જણાવ્યું હતું. કોર્પોરેટરના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં દોઢ માસથી ધીમા દબાણે પાણી મળતુ હોવાની ઈજનેરોને ફરિયાદ કરવા છતાં હાલત સુધરતી નથી. લોકોએ તેમને જાણ કરતા આજે સ્થળ પર ગયા હતા. તેઓ વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર હોવા સાથે વિપક્ષના ઉપનેતા પણ હોય, હવે વધુ વિસ્તારમાંથી તેઓને ફરિયાદો મળી રહી છે.

દરમ્યાન વોર્ડના નગર સેવક અને શહેરના પ્રથમ નાગરિક ડો.જૈમન ઉપાધ્યાયે કહયું હતું કે મનસુખભાઈની દોડા દોડી હવે રાજકોટ ૬૯ બહાર પહોંચી છે. માત્ર આ વોર્ડ નહી પૂરા શહેરમાં પુરતુ પાણી આપવામાં આવે છે. વરસાદ વગરના વર્ષોમાં લોકોને પાણીની મુશ્કેલી ત્રણ વર્ષથી પડી નથી તે વાત સૌ જાણે છે. આથી મનસુખભાઈની દોડા દોડી પાણીનો પ્રશ્ન ઉકેલવાના બદલે વિધાનસભાની ટીકીટ માટે હોય, તેવુ લાગે છે.

રાજકોટ ૬૯માં કોંગ્રેસમાં સંભવીત ઉમેદવાર મહિનાઓથી પ્રચાર કરી રહયા છે. તો તેમની પાછળ ટીકીટના દાવાઓ માટે કોંગ્રેસના જ આ બીજા દાવેદાર પાણીના નામે રાજકારણ ખેલતા હોવાનો જવાબ પણ મેયરે ઉપનેતાને આપ્યો છે.

## લક્ષ્મીવાડીમાં ધીમા ફોર્સની સતત ફરિયાદ : પૂરા શહેરમાં પુરતુ પાણી મળે છે : મેયર

### સૈનિકો ભલે મરે ક્રિકેટ રમવું જોઈએ

# પાક સાથે ક્રિકેટ રમવા BCCIએ ભારત સરકાર પાસે મંજુરી માંગી

## પાક ક્રિકેટ બોર્ડને વળતરની રકમ ચૂકવવી ન પડે તે માટે ક્રિકેટ બોર્ડે દેશ નેવે મુકયો

દુબઈ: ભારત-પાકિસ્તાન વચ્ચે તંગ સંબંધ સીમા પર રોજ અથડામણ તથા પાક સૈન્ય જે રીતે ભારતીય સૈનિકના માથા કાપી રહ્યું છે તેને નજર અંદાજ કરીને ભારતીય ક્રિકેટ બોર્ડ પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવા ભારત સરકારની મંજુરી માંગી છે. અગાઉ બન્ને દેશ વચ્ચે ક્રિકેટ શ્રેણીના એમઓયુ થયા હતા પરંતુ જે રીતે ત્રાસવાદી હુમલા બન્યા પછી ક્રિકેટ રમાયુ નથી. પાક ક્રિકેટ બોર્ડ તેથી વળતર પેટે જંગી રકમ માંગી છે. જે ન ચૂકવવી પડે તે માટે શ્રેણી રમાડવા દરખાસ્ત છે. જો કે ભારત સરકાર મંજુરી આપે તેવી શકયતા નહીવત છે.

## ન્યુઝ ફલેશ

'ગ્રેસિંગ' મુદ્દે CBSE સુપ્રીમમાં જશેઃ ૧૨મા ધોરણનું રિઝલ્ટ લટકયું

# મોરબી-રાજકોટ-સુરેન્દ્રનગરમાંથી રૂા. ૯.૭૦ લાખની વેટ ચોરી ઝડપી લેવાઈ

## આજે સવારથી ભૂજ-ગાંધીધામ પણ દરોડા

રાજકોટ, તા. ૨૫

રાજકોટ વેટ વિભાગ દ્વારા છેલ્લા કેટલાંક સમયથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વ્યાપક દરોડા પાડી કરચોરી ઝડપી લેવામાં આવી રહી છે.

ગઈકાલે પણ રાજકોટ વેટ અન્વેષણ વિંગ દ્વારા સુરેન્દ્રનગર-મોરબી અને રાજકોટમાં પડાયેલા દરોડાની તપાસનાં અંતે વેટ તંત્રને રૂા. ૯.૭૦ લાખની કરચોરી હાથ લાગ્યાનું જાણવા મળેલ છે.

આ અંગેની વેટ તંત્રનાં સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ સુરેન્દ્રનગરની સ્વાતી ઈન્ફ્રાસ્ટ્રકચરમાંથી રૂા. ૯.૫૦ લાખની કરચોરી મળતા વેટ તંત્રએ વેરો વસુલ્યો હતો. જયારે રાજકોટની જી.જી.ઈન્ટરનેશનલમાંથી રૂા.૨૦ હજારનાં વેરાની વસુલાત કરાઈ હતી, ઉપરાંત મોરબીની હોટલમાંથી કંઈ મળ્યું ન હતું.

જયારે આજરોજ પણ વેટ તંત્ર દ્વારા દરોડાનો દૌર યથાવત રહ્યો હતો. રાજકોટ વેટ (રેન્જ-૧૧) તંત્ર દ્વારા આજરોજ સવારથી ભૂજ અને ગાંધીધામ ખાતે ઓટો પાર્ટસ તથા કન્સ્ટ્રકશનનાં ધંધાર્થીઓને ત્યાં દરોડા પાડી કરચોરી અંગે તપાસણી હાથ ધરવામાં આવી છે.

### જી.આઈ.ડી.સી. વિસ્તારમાં બનેલી ઘટના

# સિહોરની રોલીંગ મીલમાં બ્લાસ્ટથી આઠ ઘાયલ

(વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર તા.૨૫

ભાવનગર જીલ્લાનાં સિહોરમાં જી.આઈ.ડી.સી.માં આવેલ રી-રોલીંગ મીલમાં બ્લાસ્ટ થતાં ૮ મજુરો ને ઈજા થતાં ખાનગી હોસ્પિટલ ખસેડાયેલ છે.

મળતી વિગતો મુજબ સિહોરમાં આવેલ જી.આઈ.ડી.સી.માં આવેલ હર્ષ રી-રોલીંગ મીલમાં મોડી રાત્રે બ્લાસ્ટ થતાં ૮ મજુરોને ઈજા થતાં તમામને સિહોરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ છે. રાતનો બનાવ હોવા છતા સવારના ૧૦ સુધી સિહોર પોલીસ પાસે કોઈ જ માહિતી ન હોવાનું ફરજ પરનાં પી.એસ.ઓ.એ.જણાવ્યુ હતું.

# જુનાગઢ-સુરત લકઝરી બસને અકસ્માત, ૩નાં મોત, પાંચ ઘવાયા

## ઘવાયેલાઓમાં જુનાગઢ લકઝરી બસના ડ્રાઈવરનો સમાવેશ

વડોદરાઃ તા.૨૫

નેશનલ હાઈવે નં-૮ પર વડોદરા નજીક સુંદરપુરા પાટીયા પાસે આજે (ગુરુવારે) વહેલી સવારે બે લકઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. જ્યારે ૫ લોકો ઇજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતાં જ મકરપુરા પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ હતી અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી પ્રમાણે આજે વહેલી સવારે ૫ વાગ્યાની આસપાસ જૂનાગઢથી સુરત તરફ જઇ રહેલી ખાનગી લક્ઝરી બસ(G J ૧૧X - ૧૦૦૪)ના ચાલકે મુસાફરોને પેજેન્જર ઉતારવા માટે રોડ પર બસ ઉભી રાખી હતી. તે સમયે રાજસ્થાનથી મુંબઇ જઇ રહેલી ખાનગી લક્ઝરી બસે( R J ૨૭ P A - ૭૧૯૨) રસ્તા પર ઉભેલી લક્ઝરી બસને પાછળથી ટક્કર મારી હતી.

જેમાં રસ્તા પર ઉભેલી લક્ઝરી બસમાં બેઠેલા ૨ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે એક મુસાફરનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. આ ઘટનામાં ૫ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. તેઓને સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં લઇ જવાયા હતા. જ્યારે રાજસ્થાનથી મુંબઇ જતી લક્ઝરી બસનો ડ્રાઇવર ઘટના સ્થળેથી ફરાર થઇ ગયો છે. જ્યારે જુનાગઢથી સુરત જતી બસના ડ્રાઇવર જોરૂભાઇ આપાભાઇ કામડીયા(ઉ.વ.૪૫)ને માથાના ભાગે ઇજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં મકરપુરા પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ હતી. અને આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.




# અંતે કોંગ્રેસના પોસ્ટરમાં 'બાપુ' આવી ગયા

અમદાવાદ તા.૨૫

પ્રદેશ કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા કોંગ્રેસ હાઈકમાન્ડની નારાજ હોવાની તેમજ તેઓ કેટલાક ધારાસભ્યો સાથે ભાજપમા જોડાવાના હોવાની લાંબા સમયથી અનેક પ્રકારની અફવાઓ અને અટકળો ઉઠી રહી છે. આવા માહોલ વચ્ચે તેઓ અઠવાડીયા લાંબા ચીનના પ્રવાસે ઉપડી ગયા હતા. આ દરમિયાન પક્ષના પ્રદેશ પ્રભારી અશોક ગેહલોતના સ્વાગત માટે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય બહારના પોસ્ટરમાંથી શંકરસિંહ વાઘેલાની બાદબાકી થતા પક્ષના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો હતો આ અંગે વિવાદ થતાં હવે કોંગ્રેસ દ્વારા નવું પોસ્ટર લગાવાયું છે કે જેમાં બાપુની તસ્વીરનો સમાવેશ કરાયો છે. બાપુની બાદબાકીવાળુ પોસ્ટર પણ ઉતારી લેવાયું છે.અગાઉ અશોક ગેહલોતનો કાર્યક્રમ બે દિવસનો હતો, પરંતુ શંકરસિંહ વાઘેલા આજે રાતે ચીનના પ્રવાસથી અમદાવાદ પરત ફરી રહયા હોઈ તેમની શંકરસિંહધ વાઘેલા સાથે આવતી કાલે સવારે મહત્વપુર્ણ બેઠક યોજાઈ તેવી ચર્ચા છે.

### ગમે તેની સરકાર આવે, બાપુ જ મુખ્યમંત્રી બનવાના હોર્ડીંગ પ્રકરણ

# વડોદરામાં 'બાપુ'ના બેનરનું પગેરુ કોંગ્રેસ કાર્યાલય સુધી!

રાજકોટ તા.૨૫

કોંગ્રેસમાં આંતરિક જુથબંધી અને એકબીજાને પાડી દેવાનો ખેલ વધુ તીવ્ર બની રહ્યાની છાપ વચ્ચે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાના વડોદરાના પોસ્ટરનું પગેરુ પ્રદેશ કોંગ્રેસ સમીતી સુધી નીકળતા આંતરિક ખળભળાટ સર્જાયો છે અને જોરદાર પ્રત્યાઘાતો પડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.



વિધાનસભા ચૂંટણીનું સુકાન મેળવવા કોંગ્રેસમાં આંતરિક જુથબંધી અને ખેંચતાણની શરૂઆત હોર્ડીંગવોરથી થઈ હતી. પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી તથા વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા માટે જુદા-જુદા શહેરોમાં હોર્ડીંગ લાગ્યા હતા. હાઈકમાંડે તેના પર બ્રેક લગાવી હતી ત્યારે સોશ્યલ મીડીયામાં આ ડોર શરૂ થયો હતો. થોડા વખત પહેલા વડોદરામાં સરકાર ગમે તે પક્ષની આવે, મુખ્યમંત્રી 'બાપુ' જ હશે. તે પ્રકારના હોર્ડીંગ લાગ્યા હતા. શંકરસિંહ વાઘેલા સુકાન મેળવવા માટે તડાફડીના મૂડમાં હતા જ. આ હોર્ડીંગ પછી ભડકો થયો હતો. ત્યારપછીના અનેકવિધ ઘટનાક્રમોથી તેઓ ભાજપમાં જોડાવાની અટકળોએ જોર પકડી લીધુ હતું તે હાલ પરાકાષ્ટાએ છે.વડોદરાના હોર્ડીંગ વિશે બાપુએ અજ્ઞાનતા દર્શાવી હતી એટલું જ નહી તપાસ માંગી હતી. વડોદરા શહેર કોંગ્રેસ સમીતીએ વિધિવત પોલીસ ફરિયાદ કરી હતી. હવે એવું બહાર આવ્યુ છે કે આ હોર્ડીંગ બેનરની પોલીસ તપાસ દરમ્યાન પગેરુ કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય સુધી પહોંચ્યુ છે. પ્રદેશ કોંગ્રેસના એક વફાદાર આગેવાન તરફ ઓગળી ચિંધાઈ છે. જેને પગલે કોંગ્રેસમાં જબરદસ્ત આંતરિક પ્રત્યાઘાતો ઉભા થવાના ભણકારા છે.વડોદરાના આ પોસ્ટર કોંગ્રેસની આંતરિક ખેંચતાણનો ભાગ હોવાની આશંકા વ્યક્ત થતી હતી. પોલીસ તપાસમાં આવા સંકેત ઉડવાના સંજોગોમાં કે સાબીતી જાહેર થવાના સંજોગોમાં જોરદાર પ્રત્યાઘાતો પડવાની શકયતા છે.બાપુ એકાદ સમાહથી અજ્ઞાતવાસમાં છે. પરત આવતાવેંત રાજકારણ ફરી ગરમાવાની શકયતા છે.

## પોલીસ તપાસમાં ભાંડો કુટી રહ્યાનો નિર્દેશઃ એકબીજાને પાડવાનો ખેલ હોવાની આશંકાથી તીવ્ર પ્રત્યાઘાતોની વકી

# શોપિયાં અને શ્રીનગરમાં આતંકી હૂમલાઃ પીડીપી નેતાને ગોળી ધરબી

શ્રીનગર તા.૨૫

ઉગ્રવાદીઓથી અશાંત કાશ્મીરના શ્રીનગર અને શોપિયાંમાં ગઈકાલે બે ત્રણ આતંકી વારદાતો નોંધાઈ હતી. ઈમામ સાહેબ વિસ્તારમાં આવેલા એસઓજી શિબર પર આતંકીઓએ સાંજે સાડા ચાર વાગ્યા આસપાસ ગ્રેનેડ વડે હૂમલો કર્યો હતો. ગ્રેનેડ શિબિર ઉપરાંત નજીકની સડક પર પડયો અને જોરધાર ધમાકા સાથે ફાટ્યો હતો અને ત્યાંથી પસાર થઈ રહેલા ૪ લોકો ઘવાયા હતા. જવાનોએ ઘાયલોને હોસ્પિટલ પહોંચાડયા હતા. બીજી તરફ સખત સુરક્ષાવાળા શ્રીનગરનાં જૂના બરજૂલ્લા વિસ્તારમાં રાત્રે લગભગ સાડા આઠ વાગ્યે પીડીપીના બ્લોક -પ્રધાન અબ્દુલ્લ કયૂમ તૈલી તેના ઘરે આવી રહ્યા હતા ત્યારે અગાઉથી છૂપાયેલા બેથી ત્રણ આતંકીએ બિલકૂલ નજીકથી તેમના પર પિસ્તોલથી ચાર ગોળી ધરબી દીધી હતી. એક ગોળી નિશાન ચૂકી ગઈ જયારે ત્રણ તેના પેટમાં લાગી હતી. લોહીથી લથબથ પીડીપી નેતા જમીન પર ઢળી પડ્યા હતા અને આતંકીઓ ફરાર થઈ ગયા હતા. હોસ્પિટલમાં ખસેડાયેલા પીડીપી નેતાની હાલત અત્યંત નાજૂક દર્શાવાય રહી છે.

# રાજકોટમાં સ્વાઈન ફલુથી ૭ના મોત

## જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૨૪ કેસ : ઉનાળામાં પણ રોગચાળો બેકાબુ

રાજકોટ તા.૨૫

રાજકોટમાં સ્વાઈન ફલુથી ગઈકાલે વધુ એક દર્દીનું મૃત્યુ થયુ છે. આ સાથે જ ચાલુ વર્ષમાં રાજકોટના અને બહાર ગામથી દાખલ થયેલા મળી કુલ સાત વ્યકિતએ સ્વાઈન ફલુના કારણે જીવ ગુમાવ્યો છે.

સરકારી અને ખાનગી હોસ્પિટલમાંથી આંકડા સંકલીત કરતી અને જન જાગૃતિ માટે પ્રયાસ કરતી મનપાની આરોગ્ય શાખાના સુત્રોના જણાવ્યા મુજબ જાન્યુઆરીથી ચાલુ મે મહિના સુધીમાં સ્વાઈન ફલુના કુલ ૨૪ કેસ નોંધાયા છે. આ પૈકી સાત વ્યકિતના મૃત્યુ નિપજયા હતા. ગઈકાલે મહિલા દર્દીએ ખાનગી હોસ્પિટલમાં દમ તોડયો હતો. નવાઈની વાત એ છે કે આ વર્ષે કાળઝાળ ગરમી વચ્ચે પણ સ્વાઈન ફલુના કેસ યથાવત રહયા છે. સામાન્ય રીતે ચોમાસાના અંતે કે શિયાળામાં ભેજવાળા વાતાવરણ વચ્ચે આ જીવલેણ બિમારી વકરે છે. આ વર્ષે એક બાળકનો પણ ભોગ લેવાયો હતો. કાળઝાળ ગરમીમાં સ્વાઈન ફલુના વાયરસ નબળા પડે છે. પરંતુ હવે આ વાયરસ પણ 'પ્રુફ' થઈ ગયા હોય તેમ એપ્રિલ અને મે માસમાં પણ સ્વાઈન ફલુના કેસ ચાલુ રહયા હતા. ગઈકાલે વધુ એક મૃત્યુ અને રાજકોટ હોસ્પિટલમાં નવા નોંધાયેલા ચાર કેસથી લોકોમાં દહેશત જેમની તેમ રહી છે.